| | | | |
|---|---|---|---|
| રજૂ તારીખઃ– | ૦૭/૦૪/૨૦૨૪ | | |
| નોંધ્યાતારીખઃ– | ૦૭/૦૪/૨૦૨૪ | | |
| ફેંસલ તારીખઃ– | ૦૨/૦૭/૨૦૨૬ | | |
| અવધિઃ– | વર્ષ | માસ | દિવસ |
| | | | |

**<u>મહેરબાન ૨ જા એડીશનલ સેશન્સ જજ સાહેબશ્રીની કોર્ટમાં,</u>**
**<u>અમદાવાદ (ગ્રામ્ય),અમદાવાદ</u>**

**<u>ફોજદારી અપીલ નં.–૭૦/ ૨૦૨૪</u>**

આંક–

**એપેલેન્ટ/મુળ આરોપીઃ–** વિનેશ ધીરૂભાઇ વધાસીયા
ઉ આઈ પુખ્ય ધંધો વેપાર
રહે. જેતપુર રોડ ,સ્વાતી ચોક,રજવાડી પાનવાળી ગલી
મુ.ધોરાજી તા.ધોરાજી જી.રાજકોટ

**વિરૂધ્ધ**

**રીસ્પોન્ડન્ટ (૧)** યુસુફભાઇ અમીજીભાઇ મોદન
ઉ.વ.આ.૪૦ , ધંધો: વેપાર
રહે.ગેબીફળી, સાત ઓરડા,મુ.ધંધુકા
જી.અમદાવાદ.
હાલ રહે.ચીમન ટાર્ડની પાછળ, જુવેરીયા પાર્ક,
ફાઈવ સ્ટાર ફલેટ,જુવેરીયા બીલ્ડીંગ, ફલેટનં.૩૦૧
અમદાવાદ.

(૨) શ્રી સરકાર

**<u>વિષયઃ ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૦૮ ની કલમ–૩૭૪(૩) મુજબની અપીલ.</u>**

એપેલેન્ટ/મુળ આરોપી તરફે વિ. વકીલ શ્રી એન એસ ચૌધરી

રીસ્પોન્ડન્ટનં.–૧ તરફે વિ.વ.શ્રી પી.જે.વ્યાસ

રીસ્પોન્ડન્ટનં.–૨ તરફે વિ.એ.પી.પી.શ્રી એ.એમ.ગુલાબાની

**–// <u>ચુ કા દો</u> //–**

(૧) આ કામના એપેલેન્ટ/મુળ આરોપી તર્ફે રજુઆત છે કે, સદર કેસની ટુંકમાં હકીકત એવી છે કે, મુળ ફરીયાદીના કાયદેસરના લેણા પેટે મુળ આરોપીનાઓએ તેઓને દેના બેંક,ધોરાજી શાખાનો ચેકનં.૨૨૨૮૮૦ રૂ.૮,૦૦,૦૦૦/– નો તા.૩૦/૦૮/૨૦૨૧૬ ના રોજ આપેલ જે તા.૩૧ /૦૮/૨૦૧૬ ના રોજ બેકમા રજુ કરતા તા.૩૧/૦૮/૨૦૧૬ ના રોજ '' ફંન્ડસ ઈનસફીશીયન્ટ'' ના શેરા સાથે પાસ થયા વગર પરત ફરેલ જેની જાણ ફરીયાદીએ આરોપીને કરતા સંતોષકારક જવાબ આપેલ નહી એ પૈસા પરત નહી આપી. અને ફરીયાદીને કાયદેસરના ચેકના નાણા ચુકવેલા નહી. જેથી ફરીયાદીએ તેમના વકીલશ્રી મારફતે આરોપીને ચેકમાની લેણી રકમ ચુકવી આપવા બાબતે માંગણા નોટીસ તા. ૦૯/ ૦૯/ ૨૦૧૬ ના રોજ રજી.પો.એ.ડી.થી મોકલી આપેલ. જે નોટીસ આરોપીને બજી ગયેલ. તેમ છતાં આરોપીએ ફરીયાદીની ચેક માની લેણી રકમ ફરીયાદીને ચુકવી આપેલ નહી. જેથી ફરીયાદીએ હાલની ફરીયાદ સમય મર્યાદામાં દાખલ કરેલ. જે ખાનગી ફોજદારી કેસ નં.૪૦૭/૨૦૧૭ નો સમન્સ આરોપીને બજી જતા આરોપી વિરૂધ્ધ ટ્રાયલ ચાલ્યાના અંતે પક્ષકારોને સાંભળી પ્રિન્સીપાલ સીની.સીવીલ જજ,ધંધુકા, અમદાવાદ(ગ્રામ્ય) નાઓએ તા. ૧૪ /૦૩ /૨૦૨૪ના રોજ સદર કેસનો ઠરાવ આપી મુળ આરોપીને તકસીરવાન ઠરાવી સજા ફરમાવવા હુકમ કરેલ. વધુમાં હુકમ કરેલ કે ઉપરોક્ત વળતરની રકમ અપીલ સમય બાદ કે અપીલના કિસ્સામા નિર્ણયને આધિન ફરીયાદીને ચુકવી આપવા. જે સજાના હુકમ સામે એપેલેન્ટ/મુળ આરોપીનાએ હુકમ સ્ટે કરવા તથા અપીલ સુધીના જામીન મેળવવા અરજી કરતા નામ. નીચલી અદાલતે જામીન અરજી મંજુર કરેલ. જે ખાનગી ફોજદારી કેસ નં.૪૦૭/૨૦૧૭ના હુકમ સામે હાલની અપીલ દાખલ કરવામાં આવેલ છે.

(૨) એપેલેન્ટ/મુળ આરોપી ધ્વારા હાલની અપીલ દાખલ કરવામાં આવેલ જેમાં રીસ્પોન્ડ્ન્ટ મુળ ફરીયાદીને નોટીશ કરતા બજી હાજર છે. એપેલેન્ટ/મુળ આરોપી ધ્વારા નીચલી અદાલતનો હુકમ સ્ટે કરી અપીલ સમય સુધી જામીન મેળવવા અરજી કરવામાં આવેલ જે નામ. સેશન્સ અદાલતે મંજુર કરેલ છે. પક્ષકારો વચ્ચે સમાધાન થઈ ગયેલ હોય, પક્ષકાર કોર્ટ સમક્ષ હાજર રહી આંક–૨૬ થી સમાધાન પુરસીસ તથા મુળ ફરીયાદી તરફે સમાધાનની રૂએ મુળ આરોપીને નિર્દોષ ઠરાવે છોડી મુકવાની રજુઆત કરેલ. જેમાં રીસ્પોન્ડન્ટ /મુળ ફરીયાદી તથા એપેલેન્ટ/મુળ આરોપી વચ્ચે કોઈપણ જાતના દાબદબાણ કે ધાકધમકી વગર સ્વૈચ્છાએ રાજીખુશીથી સમાધાન થયેલ હોવાનુ જણાવેલ છે.

(૩) ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૪૭ સંબંધે થયેલ તા.૦૬–૦૬–૨૦૦૩ ના એમેન્ડમેન્ટ મુજબ ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટ હેઠળના ગુના સમાધાન પાત્ર કમ્પાઉન્ડેબલ હોવાની જોગવાઈ છે. સદરહુ કામે નીચલી અદાલતના કેસમાં તકસીરવાન ઠરાવવાનો હુકમ થયેલ હોય હાલની અપીલ દાખલ કરવામાં આવેલ છે. આ સંબંધે કે.એમ.ઈબ્રાહીમ વિ.કે.પી.મહોમંદ વિગેરે ૨૦૧૦(૨) જીએલઆર ૧૦૪૯ ના ચુકાદામાં પેરા ૧૨ માં પ્રસ્થાપિત થયેલ છે કે "it is true that the application under Sec. 147 of the Negotiable Instruments Act was made by the parties after the proceedings and had been concluded before the Appellate Forum. However, Sec. 147 of the aforesaid Act does not bar the parties from compounding an offence under Sec. 138 even at the appellate stage of the proceedings."

સદર ચુકાદામાં નામ. કોર્ટે (1) Anil Kumar Haritwal V/s. Alka Gupta, 2004(4) SCC 366; (2) B.C. Seshadri V/s. B. N. Suryanarayana Rao, 2004(11) SCC 510 decided by a three Judge Bence; (3) G. Sivarajan V/s. Little Flower Kuries & Enterprises Ltd., 2004(11) SCC 400; (4) Kishore Kumar V/s. J. K. Corporation Ltd., 2004(13) SCC 494; (5) Sailesh Shyam Parsekar V/s. Baban, 2005 (4) SCC 162; (6) K. Gyansagar V/s. Ganesh Gupta, 2005 (7) SCC 54; (7) K.J.B.L. Rama Reddy V/s. Annapuna Seeds, 2005(10) SCC 632; (8) Sayeed Ishaque Menon V/s. Ansari Naseer Ahmed, 2005(12) SCC 140; (9) Vinay Devanna Nayak V/s. Ryot Sewa Sahakari Bank Ltd., 2008(2) SCC 305 and (10) Sudheer Kumar V/s. Mankkandi M. K. Kunhiraman, 2008 (1) KLJ 2003. ના ચુકાદાઓની ચર્ચા કરી એપેલેટ કોર્ટ સમક્ષ સમાધાન બાબતે તારણ આપેલ છે અને વધુમાં સદરહુ ચુકાદાના પેરા ૮ માં પ્રસ્થાપિત કરેલ છે

કે "The golden thread in all these decisions in that once a person is allowed to compound a case as provided for under Sec. 147 of the Negotiable Instruments Act, the conviction under Sec. 138 of the said Act should also be set aside. In the case of Vinay Devanna Nayak (2008(2) SCC 305), the issue was raised and after taking note of the provisions of Sec. 320, Cr.P.C., this Court held that since the matter had been compromised between the parties and payments had been made in full and final settlement of the dues of the Bank, the appeal deserved to be allowed and the appellant was entitled to acquittal. Consequently, the order of the conviction and sentence recorded by all the Courts were set aside and the appellant was acquitted of the charge levelled against him."

(૪) ઉપરોક્ત તમામ હકીકતો ધ્યાને લેતા હાલના કામે પક્ષકારો વચ્ચે સમાધાન થઈ ગયા સંબંધે આંક–૨૬ થી સમાધાન પુરસીસ રજુ કરવામાં આવેલ છે જેમાં રીસ્પોન્ડન્ટ/મુળ ફરીયાદી તથા એપેલેન્ટ/મુળ આરોપી વચ્ચે હવે કોઇ લેતી દેતી બાકી ન હોય અને કેસ આગળ ચલાવવા માંગતા ન હોય કોઈપણ જાતના દાબદબાણ કે ધાકધમકી વગર સ્વૈચ્છાએ રાજીખુશીથી સમાધાન થયેલ હોવાનુ જણાવેલ છે. ઉપરોક્ત તમામ સંજોગો ધ્યાને લેતા નામ. સુપ્રિમ કોર્ટના ચુકાદાઓમાં પ્રસ્થાપિત ગાઈડલાઈન ધ્યાને લેતા ન્યાયના વિશાળ હિતમાં નીચે મુજબ આખરી હુકમ કરવામાં આવે છે.

## <u>હુકમ</u>

હાલની ક્રિમી.અપીલ નં.૭૦ /૨૦૨૪ મંજુર કરવામાં આવે છે.

નામદાર પ્રિન્સીપાલ સીની.સીવીલ જજ,ધંધુકા, અમદાવાદ(ગ્રામ્ય) નાઓએ તા. ૧૪ /૦૩ /૨૦૨૪ ના રોજ ફોજદારી કેસ નં.૪૦૭/૨૦૧૭ ના કામે કરેલ હુકમ આથી સેટ એસાઈડ કરવા હુકમ કરવામાં આવે છે.

એપેલન્ટ/મુળ આરોપી વિનેશ ધીરૂભાઇ વધાસીયાનાઓને ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ–૧૩૮ ના ગુનામાંથી નિર્દોષ ઠરાવી છોડી મુકવા હુકમ કરવામાં આવે છે.

હુકમની નકલ એપેલન્ટ/મુળ આરોપીને આપવી.

ફોજદારી કેસ નં.૪૦૭/૨૦૧૭ નું રેકર્ડ એન્ડ પ્રોસીડીંગ્સ આવેલ હોય તે પરત કરવું.

હુકમ આજ તારીખ ૦૨ મી માહે જુલાઇ સને ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી, સહી કરી જાહેર કર્યો.

તા ૦૨–૦૭–૨૦૨૬
સ્થળઃ અમદાવાદ

**(કૃતિ સંજય ત્રિવેદી)**
બીજા એડીશ્નલ સેશન્સ જજ
અમદાવાદ (ગ્રામ્ય),અમદાવાદ
જીજે૦૦૬૧૭